97

# પાટણવાડા સમસ્ત વણકર પંચના થયેલા ઠરાવો

।। શ્રી ગણેશાય નમઃ ।।



પરગણાનું સ્થળ :-

બાલીસણા.

તા. ૨૮-૧-૭૨

શ્રી

બાલીસણા તા. ૨૮-૧-૭૨

# સંવત ૨૦૨૮ના મહા સુદ ૧૩ (તેરસ) ને શુક્રવારના દિવસે બાલીસણા મુકામે પાટણવાડા વણકર પંચ મળ્યા તે વખતે થયેલા ઠરાવો.

## —: સગાઈની વિગત :—

(૧) સગપણ કરતી વખતે કન્યાનો બાપ વરના બાપને એક રૂપિયો આપે.

(૨) વેવાઈવટ કરવા જવાનું બંધ છે સગો સગાને ઘેર જઈ શકે છે. બંને પક્ષે આલમેલ અને ઓઢામણાં બંધ કરવામાં આવે છે.

(૩) સગાઈ મેળવણિયાને બંને પક્ષે પાંચ પાંચ રૂપિયા આપવા.

(૪) લગ્ન લેવાજવાની જાણ પત્રથી કરવી. લગ્ન લેવા બે આદમી જાય, લગ્ન વધાવતી વખતે કન્યાના બાપે એક રૂપિયો આપવો. લગ્ન એક રાત રહેશે. લગ્ન વખતે ગામે કન્યા પક્ષ તરફથી કોઈને જમવાનુ નૂતરું દેવું નહિ તથા ઓઢામણું કરવું નહિ બ્રાહ્મણ કે તુરીને કાંઈ આપવું નહિ જાનની સાથે કન્યા પક્ષ તરફથી જે નુતરાં દેવામાં

આવતાં હતાં તે સદંતર બંધ કરવામાં આવે છે.

(૫) લગ્નની વાર તીથિ એટલે જાન જવાની વાર તીથિ લગ્ન લેવા જાય તે વખતે બંને પક્ષે મળીને નક્કી કરી દેવી અગવડને કારણે ફેરફાર કરી શકાશે.

(૬) વરઘડ બંધ કરવામાં આવે છે.

(૭) સગાઈ તોડનારે પત્રથી ખબર સગાઈ કરાવનારને આપવી તેમણે મુળ ધણીને ખબર આપવી.

(૮) સગાઈ તોડનારનો રૂપિયા તેર દંડ લેવામાં આવશે.

## —: જાનની વિગત :—

(૧) જાનમાં વર સાથે પચીસ (૨૫) માણસો જાય. છોકરાં પણ ગણતરીમાં લેવામાં આવશે. તેમને વર સાથે એકી સાથે જમાડવા. નૂતરાર સાથે બેસાડવાં નહિ. જાન સાથે બ્રાહ્મણ લઇ જવો બંધ છે. આનો ભંગ કરનારને પરગણામાં જાણ થાય ત્યારે વરપક્ષનો સિદ્ધપુરના મેળામાં ૫૧ રૂપયા દંડ કરવામાં આવશે. સોગંદવિધિથી મુકિત મળી શકશે.

(૨) જાનમાં કોઇપણ પ્રકારનાં વાજીંત્રો લઈ જવાનું બંધ કરવામાં આવે છે. બને પક્ષે ઘેર ફકત ઢોલજ વગાડી શકાશે. બેન્ડ વાજા સદંતર બંધ કરવામાં આવે છે. માંડવે લાઉડ સ્પીકર રાખવા નહિ.

3) વોળાવ લઇ જવો હોય તો છુટ છે. પણ તે અંગે કન્યા પક્ષ તરફથી કાંઇપણ આપવાનું નથી. કન્યા પક્ષે પણ વોળાવ અંગે કાંઇપણ જાનમાંથી લેવાનું નથી.

(૪) જાન આવે ત્યારે ગોંદરે કે ઝાંપે બેસાડ્યા સિવાય સીધીજ ઉતારે લઇ જવી. વરને ઝાંપાના તોરણે બેસાડી તરત જ પુંખવાની વિધી કરવી.

અબોખો લઇ આવનારે મુરતિયાને ચાંદલો કરી જાનવાસે લઇ જવો. વસ્તીએ પુંખવા માટે ઝાંપે જવું નહી. એક માંડવે બે જાનો હોય કે એક ગામમાં બીજી જાનો હોય તો જેમ આવે તેમ ઉતારે લઈ જવી એક માંડવે હોય તો સાથે સાથે વરને પુંખવા અને જમણ પણ સાથે આપવું. આ વિધીમાં બ્રાહ્મણને લઈ જવાનો નથી.

(૫) માંડવાના તોરણે વરને પુંખવો નહી અને વરને પીઠી ચોળવી નહી.

(૬) પરણેતર પછી કન્યાને જાનીવાસે લઇ જવી નહી.

(૭) લગ્ન થઇ રહ્યા પછી જાનીવાસે ગીતો ગાવા જવાનું નથી.

ફકત કન્યા માટે જ માંડિયો લાવવાનો છે. વર માટે માંડિ ઓ લાવવા જોનથી.

(૯) લગ્નના તમામ પ્રસંગે લગ્નનાં ગીતો ગાવાં કુટણાં ગાવાં નહી. લગ્નના તમામ પ્રસંગે જેવા કે પરણેતર ગણેશ માંડવા, પીઠી ચોળવી વગેરે પ્રસંગે કન્યા કે વરને તેડવો નહી.

(૧૦) જાનને સીધીજ વોળાવવી. ઝાંપે કે ગોંદરે બેસાડવી નહી માંડવો વધાવતી વખતે બાજવટ અને દિવો આપી દેવો

## —: ભાણાની વિગત :—

(૧) દાપાના રૂપિયા ૫૦૧ અંકે રૂપિયા પાંચસો એક પુરા ભાણે ભરવા. બીજુ કાંઈ આપવું નહી.

(૨) ભાણા વખતે રૂપીયા આઠ તથા ચોરી દક્ષિણાના રૂપીયા બે બ્રાહ્મણને આપવાના નથી.

(૩) લગ્ન વિધીના બ્રાહ્મણને રૂપીયા ૧૧ આપવા. માંડવે બે જાનો હોય તો દરેકે જુદા જુદા આપવા આ રકમ વર પક્ષે આપવાની છે.

(૪) સાધુ-બ્રાહ્મણ અને બાવાને કાંઈજ આપવાનું નથી.

(૫) તુરી જે ગામમાં રહેતા હોય તેજ ગામમાં એક રૂપીયો આપવો. તુરી રહેતા ન હોય તો આપવાનો નથી વર પક્ષે આપવો

(૬) માયાનો એક રૂપીયો આપવો, તે રૂપીયાનું પાછળથી શ્રીફળ લાવી ચઢાવી દેવું

(૭) પાટણ જાન જાય તો એક રૂપીયો પદ્મનાથને આપવો

(૮) જે ગામમાં મંદિર હોય તે ગામમાં મંદિરનો એક રૂપીયો આપવો.

(૯) પ્રભાતિ અને ટીપણાં સદંતર બંધ કરવામાં આવે છે

(૧૦) ભાણા વખતે પણ ગોર-ગોમોદને કાંઇ જ આપવું નહી

(૧૧) બ્રાહ્મણ અને નાયકને પચીસ પૈસા ઘર દીઠ આપવાના હતા તે સદંતર બંધ કરવામાં આવે છે.

(૧૨) સગાઇ કરાવનારને ભાંણા વખતે કાંઈપણ આપવું નહી.

(૧૩) કેળવણી ફંડનો એક એક રૂપીયો બંને પક્ષે આપવો.

(૧૪) ભાણા વખતે વરને ચાંલ્લો કરવો ભાણાનો ગલાલ બંધ કરવામાં આવે છે.

(૧૫) પંચમહાપુ આપવાનું નથી.

(૧૬) ભાઈ-દાઇ-સગાં વાસવસ્તીને જાન આવે ત્યાંથી જાય ત્યાં સુધી કાંઈપિણ આપવાનું સદંતર બંધ કરવામાં આવે છે

(૧૭) મંડળના નામે કે કોઇ જગાને નામે કાંઇજ આપવાનું નથી.

## — વળતર —

[૧] વળતરમાં કાન માટે સોનાની પાવલી ભારની બે કડિયો અને સોનાનો રવો તથા ચાંદીની જીવનદોરી આપવી. આ વળતર ફરજીયાત આપવાનું છે.

[૨] દિવા-બાજવટનું કાંઈ આપવાનું નથી.

[૩] દાગીનાનો હકક વર પક્ષનો ગણાશે.

## — જમણુ અને બીજી વખત —

[૧] જાનના જમણુમાં આવે તે રાત્રે શીરો અને વઘારેલુ કઠોળ આપવું. બીજા દિવસે બપોરે મોહનથાળ અને દાળભાત આપવું. દાળ ભાતમાં ઘી આપવું નહિ.

[૨] જાન એક રાત રહેશે.

[૩] અણવર મોકલવાનું બંધ કરવામાં આવે છે.

[૪] પરણેતર આણું સાત દિવસે એક આદમીએ મુકવા આવવું. મુરત બાબતમાં આગળ પસ્તાનું કરી દેવું. આણુ મૂકવા આવનારને કાંઈ આપવું નહિ.

[૫] ચાંલ્લા કરવાની પ્રથા બંધ કરવામાં આવે છે.

[૬] ઉજણા વખતે કન્યાને આંટી પહેરાવવી કે છાસઉછાળવાનું બંધ કરવામાં આવે છે.

---

## = આણાની વિગત = રૂ.૨૫૧

(૧) પહેલું આણુ તેડવા માટે પંદર દિવસ અગાઉ કાગળ લખી જણાવવુ.

(૨) આણું તેડવા માટે એક આદમી જાય તે કન્યા પક્ષને રૂપિયા એકસો એકાવન આપે. આણુ તેડવા જનારને કાંઈ આપવું લેવું નહિ. ૧૫૧

(૩) તેડવા જનાર એક રાત રહેશે

[૪] આણાના વળતરમાં હાથની ઝીણી ચીરીઓમાં સોનાની ખોલો પુરાવવી.

[૫] પહેલું આણું નવ દિવસ રહેશે. મુરત બાબતમાં આગળ પસ્તાનું કરી લેવું.

[૬] વળતું આણું તેડવા એક માણસે જવું તેને કાંઇજ આપવુ લેવું નહિ.

[૭] પહેલા આણામાં બે જોડ કપડાં આપવાં.
[૮] બીજાં આણાં તેડવા જનારને કાંઈજ આપવાનું નથી.

## — સાજનાની વિગત — રૂ.-૪૦૧ છે

(૧) સાજનાનું સગપણ કરવા બે આદમી જાય તેમણે સગપણ પેટે એક રૂપીયો હાંસડીનો કરીને આપવો હાંસડી કે કોઇ દાગીનો આપવો નહી. સગપણ કરવા આવનાર એક રાત રહેશે. વહેલા જવાની છુટ છે. તેમને કાંઇપણ આપવું નહી.

(૨) સાજનાનું આણું તેડવા મુરતિયા સહિત પાંચ માણસો જાય મુરતયાને ધોતિયું ઓઢાડવું તે સિવાય બીજાને કાંઇપણ આપવું નહી.

(૩) સાજનાના મહેમાનોને ગમે તે જમણ આપવાની છુટ છે.

(૪) સાજનાના મહેમાનો એક રાત રહેશે

(૫) સાજનાના દાપાના રૂપીયા ચારસો એક ભાણે ભરવા. બીજું કાંઇ આપવું નહી.

(૬) બ્રાહ્મણ-બાવા સાધુ કે તુરીને કાંઈ આપવાનું નથી.

(૭ પલ્લામાં વર પક્ષ તરફથી જે દર દાગીના અને કપડાં લાવે તે સ્વીકારી લેવાં.

(૮) પલ્લા ઉપર કાંઇ આપવું નહી.

(૯) પલ્લું ભૈરાં થાળમાં મુકીને લઇ જાય અને ભૈરાંને પાંચ રૂપિયા આપવા બીજું કાંઇ આપવું લેવું નહી બ્રાહ્મણને બોલાવવો નહી. પંચમહાપુ કે બીજું કાંઈ આપવું નહી.

(૧૦) ગોંદરે કે વાસવસ્તીમાં કે ભાઈ દાઈ–સગાં વગેરે કોઈને કાંઈ આપવાનું નથી.

(૧૧) કન્યાના બાપે વળતરમાં એક જોડ કપડાં આપવાં.

(૧૨) સાજનાનું આણું તેડવા પંદર દિવસે જવું. તેડવા જનારે કશુંજ આપવું-લેવું નહી

(૧૩) સાજનાના માણસો તથા આણું સીધુજ મોકલી દેવું ગોંદરે કે ઝાંપે બેસાડવા નહી.

(૧૪) કેળવણી ફંડ લેવો નહી.

(૧૫) ગામમાં મંદિર હોય તો એક રૂપીયો આપવો તે સિવાય કોઇને કાંઇજ આપવું નહી.

## મામેરું તથા મામામોળિયાની વિગત

(૧) મામેરૂં કે મામા મોળીયામાં માબાપ. સગાભાઇઓ, ભૌરાં છોકરાં બહેન ભાભી વગેરે જઈ શકે છે.

(૨) ઓઢામણામાં ફકત ભૌરાંને જ સાલ્લા લેવા બાકી બીજા બધાંને ઓઢામણાં સદંતર બંધ કરવામાં આવે છે.

(૩) કાકાના દીકરાએ રૂપિયા એકાવન કરતાં વધારે આપવુ હોય તો જઈ શકે છે સાલ્લો ધોતીયું મોકલવુ હોયતો બીજા સાથે મોકલી શકે છે. ભૌરુ સાથે હોયતો સાલ્લો લેવો બીજા ને ઓઢામણાં કરવાં નહિ.

(૪) મોસાળ પક્ષ તરફથી કપડાં દાગીના વગેરે જે આપે તે સ્વીકારી લેવાં, બ્રાહમણને બોલાવવો નહિ.

(૫) વરવાઘામાં :- ધોતી, ઝભ્ભો અને ટોપી નક્કી કરવામાં આવે છે તે મુર્રતયાના બાપે જ ખરીદવો.

(૬) પંચમહાપું, બ્રાહ્મણ, સાધુ, બાવાને કાંઈ જ આપવું નહિ

(૭) મામેરા કે મોળીયાએ વાસવસ્તી કે ભાઇ-દાઇ સગાંને કાંઇ આપવું નહિ.

(૮) મામેરા કે મામા મોળીયાએ વાસવસ્તીમાં કે બીજે કયાંય રહેવું નહી અને બીજે કઈ આપવું નહી.

(૯) દહેજ આપવુ હોયતો બંધારણ પ્રમાણે રૂપિયા પાંચસો એક આપવો.

(૧૦) નારીની છુટ છે.

## છુટાછેડાની વિગત

(૧) સુરતિયો કન્યા ન ગમાડે તો સિદ્ધપુરના મેળામાં અરજી આવે તો પરગણાએ મફત છુટકો કરી આપવો આવી અરજીઓ અધુરી મુકવી નહી પરગણાની વાત ન માને તો શિક્ષા કરવામાં આવશે આ બાબતમાં ભાજગડિયા ઉતારવા નહિ.

(૨) કન્યા સુરતિયાને ન ગમાડે તો સિદ્ધપુરના મેળામાં અરજી આવે તો પરગણાએ ખાતરી કરી રૂપિયા પાંચસો એકાવન સુરતીયાને અપાવી ફારગતી કરાવવી આમા ભાજગડીયા ઉતારવા નહી તેમજ અરજીઓ અધુરી મુકવી નહી.

(૩) બીજા પરગણાની ફારગતી હોય તો વચ્ચે ભાંજગડીયા ઉતારી ગમે ત્યારે ફારગતી કરવાની છુટ છે.

(૪) પરગણા સીવાય છુટાછેડાની વિધિ કોઈએ કરવી નહિ. પરગણાની વાત ન માને તો શિક્ષા કરવામાં આવશે.

(૫) શારીરિક ખામીના કારણે પરગાણાએ ખાત્રી કરી છુટકો કરાવી આપવો.

(૬) સુરતીયો નાસી જાય તો ત્રણ વરસે મફત છુટાછેડા લઈ શકાશે.

(૭) બંને પક્ષ પૈકી કોઈ પણ ગેરહાજર હોય તો પરગણાને યોગ્ય નિકાલ કરવો તેની જાણ ગેરહાજર રહેનાર પક્ષને કરવી

## : સામાન્ય વિગત :

(૧) આંગણે બેસાડવા માટે મુરતિયાને ધોતિયું અને દોઢ રૂપીયો આપવો નહી.

(૨) માંદગી બાબતમાં ખબર-અંતર પુછવા આવનારને કાંઈ પણ આપવુ લેવું નહી.

(૩) પોત સદંતર બંધ છે અને લોકાચારની રકમ આપવાનું બંધ કરવામાં આવે છે.

(૪) સુતક કાઢવાનું બંધ કરવામાં આવે છે. પણ મરણની જગાએ લીંપીને દિવો કરવો. બ્રાહ્મણને બોલાવવો નહી કે કાંઇ પણ

(૫) મરણ પ્રસંગે પીટણી અને પરજિયા સદંતર બંધ છે.

(૬) મરણ પ્રસંગે સગાં સાચવવાં અને બારમાં બંધ કરવામાં આવે છે. પ્રેત ભોજન સદંતર બંધ છે.

(૭) જે ગામમાં લેતદેત સબંધી ગુનો થાય તેની જાણ પરગણાને થાય તો સિદ્ધપુરના મેળામાં ખાતરી કરી ગુનેગારને શિક્ષા કરવામાં આવશે ગામને ગુનેગાર ગણવામા આવશે નહી આવા ગુનામાં સોગંદવિધીથી મુકિત મળી શકશે. સોંગદ ન ખાય તો પરગણાએ ગુના પ્રમાણે કલમ લગાડી શિક્ષા કરવી.

(૮) બહેન-દીકરીને ત્યા જવાના પ્રસંગે એક રૂપીયો આપવો ઓઢામણાં કે વળતર લેવું નહી. વધારે આપવાની છુટ છે.

(૯) વેવાઇ કે વેવાણની તમામ આલમેલ બંધ છે.

(૧૦) જાન, સાજના કે આણાંના રીવાજના ભંગ બદલ રૂપિયા એકાવન દંડ કરવામાં આવશે.

(૧૧) છુટાછેડા લેનારના રૂપિયા ૨૬ (છવીસ) દંડ લેવામાં આવશે

(૧૨) કન્યાદાન આપવાની છુટ છે.

(૧૩) લગ્ન, આણું અને સાજનાના પ્રસંગે ઠરાવેલ દાપા સીવાય ઘરમાં કે બીજે કયાંય કશુંજ આપવાનું નથી.

(૧૪) વરની શોભા માટે કલગી કે ખુંપ લાવવો નહિ ફકત ફુલહાર જ પહેરાવવો અને તે ઘરનોજ ખરીદવો.

(૧૫) બાવન અને તેરનાં પરગણાં આપણુ બંધારણ કાયમથી પાળતાં હોઇ તેમની સાથેનો વહેવાર આપણા બંધારણ પ્રમાણે કરવાનો છે. બંધારણ વિરૂદ્ધ લેવી દેવી બંધ છે.


(૧૬) બાવન અને તેર સિવાય કન્યા ત્યાંના દહેજ પ્રમાણે લેવી-દેવી છુટ છે.

(૧૭ બંધારણનો અમલ ચુસ્ત પણે કરવાનો છે. ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે.

બાલીસણા
તા. ૨૮-૧-૭૨

:: ઠરાવ કરનાર ::
પાટણવાડા સમસ્ત વણકર પંચ
ગામ : બાલીસણા.
તા. પાટણ

卐




મહાવિર મેઘમાયાનો
જુગોજુગ જય હો....

લક્ષ્મી વિજય પ્રિન્ટીંગ પ્રેસ, હીંગળાચાચર - પાટણ.